# વિપશ્યના

સાધકોનું માસિક પ્રેરણાપત્ર

બુદ્ધવર્ષ 2555 ❖ પોષ પૂર્ણિમા ❖ 9 જાન્યુઆરી 2012 ❖ વર્ષ – 12 ❖ અંક – 10 ❖ સળંગ અંક - 142

## ધમ્મવાણી

न तो ते बुद्ध वीरत्थु विप्पमुचोसि सब्बधि ।
तुम्हापदाने विहरं, विहरामि अनासवो ।।
थेरगाथा – ४७

હે બુદ્ધ, હે વીર, આપને નમસ્કાર. આપ બધાં બંધનોથી વિમુક્ત છો. આપના ઉપદેશોનું પ્રતિપાદન કરીને હું આસવરહિત (વાસના રહિત) થઇને વિહાર કરું છું.

## ખરૂં દર્શન : ખરી વંદના

ધીરે ધીરે સાધકોમાં એ વાત ફેલાવા લાગી કે ભગવાન ક્યા પ્રકારની વંદનાને ખરી વંદના માને છે. કેવી વંદના એમને પ્રિય છે? કેવી વંદના સાધકો માટે મંગલદાયિની છે? વિપશ્યાના સાધના દ્વારા દૃઢ પરાક્રમ કરીને પોતાના મનના કષાય કાપે એટલે કે મેલ દૂર કરે તો જ શાસ્તાનું ખરું સન્માન થાય છે, તેમની ખરી વંદના થાય છે. આ બુદ્ધ મંતવ્ય સ્પષ્ટ થવા લાગ્યું. છતાં પણ અનેક લોકો ભગવાનને સાધારણ ઔપચારિકતાના રૂપમાં વંદના કરતા જ રહ્યા હશે. પરંતુ એવા પણ અનેક પ્રસંગો છે, જે એ સચ્ચાઇને પ્રમાણિત કરે છે કે કેટલાક સાધકો એવા હતા, જેઓ યોગ્ય રીતે જ વંદના કરતા હતા.

આ સંદર્ભમાં એક પ્રસંગ :–

કોશલનરેશના રાજપુરોહિતનો પુત્ર જયંત ઉચ્ચ જાતિના ગર્વ–ઘમંડમાં, ધન – સંપદાના અહંકાર – અભિમાનમાં, રૂપ–યૌવનના મદમત્ત નશામાં તે એવો આંધળો બન્યો કે ન પોતાના માતા–પિતાને નમન કરે, ન ગુરુજનોને, કે ન શીલવાન શ્રમણ–બ્રાહ્મણને. અહંકારનું પૂતળું ! અભિમાનમાં પ્રમત્ત થઈ ઊઠયો! પરંતુ પોતાના કોઈ પુણ્યકર્મને કારણે ભગવાનના સંપર્કમાં આવ્યો એટલે કે શુદ્ધ ધર્મના સંપર્કમાં આવ્યો તો હોશ જાગ્યા. ભગવાનની અમૃતવાણી સાંભળીને સાધનામાં પ્રવૃત્ત થયો તો અર્હત અવસ્થાએ જઈ પહોંચ્યો અને ત્યારે કહે છે–

''હવે મારું અભિમાન, અવમાન ક્ષીણ થયું, પૂર્ણ વિનષ્ટ થયું. અહંભાવ વિગલિત થયો, જડમાંથી ઉખડી ગયો.'' ઉપરાંત કહે છે–''મેં સાચા રૂપમાં ભગવાનના દર્શન કર્યા, એટલે કે એમના ગુણોનાં દર્શન ર્ક્યા કે તેઓ વિશેષ્ટ નાયક છે, વિનાયક છે, પ્રાણીઓમાં અગ્ર છે, સારથિઓમાં ઉત્તમ સારથિ છે એટલે કે બગડેલા ઘોડા જેવા, ખોટે રસ્તે ચઢેલા ઉદ્ધત લોકોને સાચા રસ્તે લઈ જવામાં કુશળ છે. ભિક્ષુ સંઘ દ્વારા પૂજિત પ્રકાશમાન સૂર્ય જેવા છે.''

**सिरसा अभिवादेसि 'सब्बसत्तानमुत्तमं'** – બધા પ્રાણીઓમાં શ્રેષ્ઠ એવા ભગવાન બુદ્ધને મેં શિરથી નમસ્કાર ર્ક્યા.

ખરેખર સાચા ઢંગથી નમસ્કાર ર્ક્યા તેથી જ અહંવિમુક્ત બન્યો. તેથી જ અર્હંત થયો. આ સંદર્ભમાં એક ઘટના –

રાજગિરિના ધન શ્રેષ્ઠીની પુત્રી. યુવાવસ્થામાં જ પગ લપસ્યો. તો ઘરેથી ભાગી નીકળી. ભાગેડૂ કન્યાને એક–એક કરીને બે પુત્રો થયા. બંને સડકના કિનારે જ જન્મ્યા એટલે જ બંનેના નામ 'પંથક' રખાયા. – મોટાનું 'મહાપંથક' અને નાનાનું 'ચુલ્લપંથક'. ઉંમર વધતાં બંનેએ મા પાસે પોતાના નાના–નાની વિષે જાણવાની જિદ કરી તો તેણે જણાવી દીધું ત્યારે તેઓ મોસાળે જવાની જિદ કરવા લાગ્યા. તે ઘણા દિવસ સુધી ટાળતી રહી. પણ જ્યારે બંનેનો આગ્રહ જોયો તો બંનેને સાથે લઈને રાજગિરિ પહોંચી પિતાએ બેટીનો સ્વીકાર ન ર્ક્યા – પણ દોહિત્રો પર પ્રેમ ઉમટ્યો અને બંને ઘરે રાખી લીધા. તેઓ ત્યાં ઉછરવા લાગ્યા.

શેઠ ધનશ્રેષ્ઠિ ભગવાન બુદ્ધના વિહારમાં ધર્મશ્રવણ કરવા માટે જતા. મહાપંથક પણ સાથે જવા લાગ્યો. તેના મન પર ભગવાનના ઉપદેશનો બહુ ઉંડો પ્રભાવ પડ્યો મહાપંથક પોતાના હૃદયના ઉદ્‌ગાર આ શબ્દોમાં પ્રગટ કરે છે–

''જ્યારે મેં નિર્ભય શાસ્તાનાં પહેલાં વહેલાં દર્શન ર્ક્યા તો મારા મનમાં ખૂબ મોટો ધર્મસંવેગ જાગ્યો, પુલક રોમાંચ જાગ્યો. પણ સાથે એ વાત પણ સમજમાં આવી કે કોઈ બે હાથ, બે પગ અને મસ્તક ધરતી પર લગાવીને આ મહાપુરુષને પંચાંગ પ્રણામ કરે અથવા આઠેય અંગ ધરતી પર લગાવીને સાષ્ટાંગ પ્રણામ કરે તો પોતાના ઉદ્દેશ્યની પૂર્તિ ન કરી શકે બુદ્ધની ખરી વંદના તો એમણે બતાવેલી વિધિનો ઉપયોગ કરીને ચિત્ત નિર્મલ કરી લેવાથી જ થશે – કલ્યાણ ત્યારે જ સધાશે. એટલે શિર, દાઢી અને મૂંછ મૂંડાવીને ઘરથી બેઘર થઈને હું પ્રવ્રજિત થયો અને એમની શિક્ષા અનુસાર શુદ્ધ શીલનું પાલન કરીને શુદ્ધ આજીવિકા ધારણ કરીને, ઇંદ્રિયોને વશમાં રાખીને સમ્યક્ સંબુદ્ધને નમસ્કાર કરતાં કરતાં માનસિક દૂષણોથી અપરાજિત રહીને વિપશ્યી સાધકનું જીવન જીવવા લાગ્યો.

તે જાણી ગયો હતો કે સમ્યક્ સંબુદ્ધને સાચા ઢંગથી નમસ્કાર કઈ રીતે કરવા જોઈએ. **'आरद्धवीरिये पहित्तते, निच्चं दकाहपरक्क मे'** – આત્મભાવ એટલે અહંભાવને સર્વથા ત્યાગીને હંમેશા દૃઢ પરાક્રમ કરતા કરતાં મુક્તિહિત પુરુષાર્થમાં ભાગી જવું જોઈએ. **एतं बुद्धान वन्दनं** – આ બુદ્ધોની ખરી વંદના છે. અને એ જ વંદનામાં તે લગનપૂર્વક લાગી ગયો. તેણે એ દૃઢ નિશ્ચય ર્ક્યો કે

તૃષ્ણાના તીરને હૃદયમાંથી પૂર્ણ રીતે કાઢ્યા વિના તે લગીરેય વિશ્રામ નહિ કરે. આખી રાત પરાક્રમ કરીને અર્હંત પદ પ્રાપ્ત કરીને જ તે વિશ્રામ કરવા બેઠો. ખરેખર મહાપંથકે બુદ્ધ વંદનાને બરાબર સમજી અને તેણે ખૂબ સાર્થક વંદના પણ કરી.

આવા અનેક પ્રસંગોમાંથી બીજો એક પ્રસંગ :–

૩૦૦ શિષ્યોની સાથે હંમેશા કર્મકાંડોમાં રત રહેનારા સંન્યાસી નદીકાશ્યપ. જ્યારે તે ભગવાનના સંપર્કમાં આવ્યા, તો તેમની અમૃતમયી ધર્મવાણી સાંભળીને મિથ્યા કર્મકાંડોમાંથી મુક્તિ પામીને ભગવાન પાસેથી વિપશ્યના શીખી. તેનો પરાક્રમપૂર્વક અભ્યાસ કરીને જ્યારે અર્હંત પદ પ્રાપ્ત થયું તો પોતાની મુક્તિનું ગાન ગાતાં તેણે આ હર્ષ ઉદ્‌ઘોષણ કરી–

'' હું આંધળો હતો, અભિમાની હતો. અગ્નિપૂજનના કર્મકાંડોમાં પડેલો મિથ્યા દૃષ્ટિઓમાં અટવાએલો હતો. આસક્તિઓમાં બંધાયેલો હતો. હવે હું બધાં બંધનોથી મુક્ત થયો. ભવચક્ર તૂટ્યું, મોહ દૂર થયો અને તૃષ્ણા વિદીર્ણ થઈ, જન્મ મરણનું ચક્ર છૂટી ગયું, હવે મારો પુનર્જન્મ નથી થવાનો. જે ખરેખર પૂજનીય અગ્નિ છે, હવે હું એની જ ઉપાસના કરું છું પૂજનીય અગ્નિ આ વિપશ્યના છે, જે આપણી ભીતર સંગૃહિત સમસ્ત પાપકર્મો ને બાળીને ભસ્મીભૂત કરી દે છે. એવો પૂજનીય અગ્નિ જે બુદ્ધમાં જાગ્યો તે જ મારામાં જાગ્યો. તેની જ ઉપાસના કરું છું. તેના જ સાન્નિધ્યમાં રહું છું પહેલાં બહારના અગ્નિને નમસ્કાર કરતો હતો, પણ હવે આ ભીતરી વિપશ્યના–અગ્નિના રૂપમાં બુદ્ધને નમસ્કાર કરું છું '' ખરેખર આ જ તો બુદ્ધવંદના છે!

ધન્ય થયો સંન્યાસી નદીકાશ્યપ અને ધન્ય બની નદીકાશ્યપની ખરી બુદ્ધવંદના !

બીજી એક ઘટના :–

મગધના ધનવાન સંભ્રાંતકુળમાં જન્મેલો ગોશાલ. પોતાના પૂર્વ પરિચિત મહાધની સોણ આદિના ભગવાન પાસેથી પ્રવ્રજ્યા લેવાના અને અધ્યાત્મની ઊંચી અવસ્થાઓ પ્રાપ્ત કરી લેવાના સંવાદે તેના મનમાં સાધના પ્રતિ ધર્મસંવેગ જગાવ્યો. તે પણ ઘરથી બેઘર થઈને, ભિક્ષુ થઈને ભગવાન પાસેથી સાધનાની વિધિ શીખીને સમીપના પહાડી પ્રદેશમાં ધ્યાન કરવા ચાલ્યો ગયો.

શરીર સ્કંધ અને ચિત્તના ચારેય સ્કંધ. આ પાંચેય કેવી રીતે પ્રતિક્ષણ ઉત્પન્ન અને નષ્ટ થઈ રહ્યા છે, વિપશ્યના દ્વારા ઈંદ્રિય જગતના આ ઉદય–વ્યય સ્વભાવને સ્વાનુભૂતિ પર ઉતારવા લાગ્યો. આ જ એની બુદ્ધ અને બુદ્ધની શિક્ષા પ્રત્યેની ખરી પ્રદક્ષિણા થઈ એટલે કે વંદના થઈ અને એ જ વંદનાના આધારે તે ભવચક્રથી મુક્ત થયો. અર્હંત પદ પ્રાપ્ત કર્યું. વંદના, પ્રદક્ષિણા સફળ થઈ, ધન્ય થઈ.

એવી જ એક અન્ય ઘટના :

રાજગૃહના બ્રાહ્મણકુળમાં જન્મેલો ઉજ્જય. અનેક શાસ્ત્રોનું અધ્યયન અને કર્મકાંડોનું સંપાદન કરીને તેણે તેમાં સાર ન જોયો. વેણુવનમાં ભગવાનના સંપર્કમાં આવ્યો. તેમની અમૃત–વાણી સાંભળીને પ્રવ્રજિત થઈને, તેમની પાસેથી વિપશ્યાના સાધનાની વિધિ શીખીને પરાક્રમપૂર્વક અભ્યાસ કરતાં મુક્ત અવસ્થા પ્રાપ્ત કરી.

અર્હંત ઉજ્જય હર્ષ ઉદાનની વાણીમાં કહે છે–

''હે વીર ! હે બુદ્ધ. તમને નમસ્કાર કરું છું. આપ બધા પ્રકારની ઉપાધિઓથી સર્વથા વિમુક્ત થઈ ચૂક્યા છો. આપના મંગળ ઉપદેશોનું અનુસરણ કરીને હું પણ અનાસ્રવ એટલે કે આસ્રવોથી પૂર્ણ રીતે વિમુક્ત બનીને વિહાર કરું છું.''

આ જ તો એ વીર બુદ્ધની ખરી વંદના છે.

આવો સાધકો, પૂર્વકાળના એ સંતોની માફક અને તેમના જેવા હજારો અન્ય સાધક–સાધિકાઓની માફક આપણે પણ ખરું દર્શન અને ખરી વંદના કરતાં શીખીએ. અને ખરેખર પોતાનું કલ્યાણ સાધી લઈએ.

**- કલ્યાણ મિત્ર,**

સત્ય નારાયણ ગોયન્કા

**સંબોધિ – દિવસ :**

જ્યારે કોઈ સમ્યક્ સંબુદ્ધ બને છે તો તે એના પોતાના જ અસીમ પરિશ્રમ–પુરુષાર્થનું પરિણામ હોય છે, અન્ય કોઈની કૃપા–અનુકંપાનું નહીં. તે બોધિના સાતેય અંગોને ભાવિત કરે છે. એટલે કે તેનું જીવન જીવે છે તેનું સંવર્ધન કરે છે, બહુલીકરણ કરે છે, તેને પરિપૂર્ણ કરે છે, ત્યારે જ સમ્યક્ સંબુદ્ધ બને છે.

સંબોધિ પ્રાપ્ત કરેલી આવી વ્યક્તિ અનંત જ્ઞાનથી, અનંત કરુણાથી ભરાઈ ઊઠે છે. સાંસારિક દુઃખોના બોજથી આકુળ–વ્યાકુળ લોકોને દુઃખવિમુક્ત થવાનો સાચો રસ્તો બતાવે છે. તે જ રસ્તો, જે તેણે સ્વયં અપનાવ્યો. એણે પોતાના અનુભવોના આધારે જાણી લીધું કે માત્ર ઉપદેશોથી કોઈને લાભ થવાનો નથી દરેક વ્યક્તિએ પુરુષાર્થ, પરાક્રમ કરીને બોધિના સાતેય અંગ પોતાની ભીતર સ્વયં પોતે જ ભાવિત કરવાં પડશે. બહુલીકૃત કરવા પડશે, પરિપૂર્ણ કરવાં પડશે, તો જ તે દુઃખ – વિમુક્ત થશે, અન્યથા નહીં. ઉપદેશોથી પ્રેરણા મળી શકે છે, માર્ગદર્શન મળી શકે છે, જે કલ્યાણકારી છે, પરંતુ સ્વયં ધારણ કર્યા વિના ધર્મનો લાભ નથી મળી શકતો. તેથી લોકોને ધર્મ ધારણ કરવાની વિધિ તે શીખવે છે. શીલ–સદાચારનું પાલન કરતાં કરતાં સાચી રીતે અંતર્મુખ થવાનું શીખવે છે. અંતર્મુખ કોઈ કાલ્પનિક આલંબનના આધારે નહિ, બલ્કે પોતાના જ બારામાં જે જે સચ્ચાઈ જ્યારે – જ્યારે પ્રગટ થાય, તેને જ સાક્ષીભાવે જોવાનો અભ્યાસ કરતાં કરતાં થાય છે,

અંતર્મુખ થઈને શીલવાન સાધક પોતાની કાયા પ્રત્યે અને કાયા પર જે – જે સંવેદના પ્રગટ થાય છે તેમના પ્રતિ જાગૃત થવાનો અભ્યાસ કરે છે. પોતાના ચિત્ત પ્રત્યે અને ચિત્ત જે કંઈ ધારણ કરે છે એટલે કે ચિત્ત પર સારું કે ખરાબ જે કંઈ પ્રગટ થાય છે તેના પ્રત્યે જાગૃત રહેવાનો અભ્યાસ કરે છે. આ પ્રકારે સતત જાગૃત રહીને સંબોધિના પહેલા અંગ 'સ્મૃતિ' નો અભ્યાસ કરે છે, તેને ભાવિત કરે છે, પુષ્ટ કરે છે.

એ જાગૃતિના અભ્યાસથી સાધકને શીઘ્ર પોતાના મનનો સ્વભાવ સ્પષ્ટ થવા લાગે છે, કઈ રીતે આ મન ભૂત–ભવિષ્યમાં આળોટે છે, કઈ રીતે વર્તમાનથી દૂર ભાગે છે, કઈ રીતે પ્રિય પ્રત્યે અને અપ્રિય પ્રત્યે દ્વેષ પેદા કરતું રહે છે અને પરિણામ સ્વરૂપે ગાંઠો બાંધતું રહે છે, તાણ પેદા કરતું રહે છે, દુઃખ જ પેદા કરતું રહે છે.

વિકાર જાગવાથી દુઃખ ઉત્પન્ન થાય છે, ન જાગે તો દુઃખ વિમુક્તિ થાય છે. આ ધર્મ, આ કાનૂન, આ વિધાન, આ ઋત હવે કોરા ઉપદેશો અથવા શાસ્ત્રપઠનના આધાર પર નહિ, બલ્કે

સ્વાનુભૂતિઓના આધાર પર સમજવા લાગે છે, સમજવા લાગે છે કે સારું શું છે? ખરાબ શું છે? કુશળ શું છે? અકુશળ શું છે? શુકલ શું છે? કૃષ્ણ શું છે? શું નિર્દોષ છે, શું સદોષ છે? સ્વાનુભૂતિઓના બળે અને પોતાની પ્રજ્ઞાના આધારે સચ્ચાઈનું અન્વેષણ થાય છે, તો સમ્યક્ બને છે, ધર્માનુકૂલ થાય છે, તેથી ધર્મ–વિચય કહેવાય છે. સાધક આ રીતે સંબોધિના આ બીજા અંગ 'ધર્મ–વિચય'નો અભ્યાસ કરે છે, અને ભાવિત કરે છે, પુષ્ટ કરે છે.

ઠીક–ઠીક અન્વેષણ દ્વારા જ્યારે સમજી જાય છે કે મનની ગાફેલ અવસ્થા, પ્રમાદપૂર્ણ અવસ્થા અત્યંત ખતરનાક છે, ભયાનક છે તો કમર કસીને અપ્રમત્ત થઈ, વિકાર–વિહીન રહેવાના કામમાં લાગી જાય છે. બધી બાધાઓને દૂર કરતાં કરતાં ધર્મ–પરાક્રમમાં લાગી જાય છે. અને આ રીતે ધર્મના ત્રીજા અંગ 'વીર્ય'નો અભ્યાસ કરે છે. એને ભાવિત કરે છે, પુષ્ટ કરે છે.

આ પરિશ્રમ–પરાક્રમ દ્વારા સજાગ–સચેત રહેનારો સાધક જેમ જેમ પોતાના મનનો પુરાણો સ્વભાવ બદલે છે તેમ તેમ તેના વિકારો દૂર થાય છે, પરેશાની દૂર થાય છે અને પરિણામે આખા શરીરમાં પુલક રોમાંચની, આનંદની લહેરો ઊઠવા લાગે છે. આ પ્રકારે સંબોધિના ચોથા અંગ 'પ્રીતિ–પ્રમોદ'નો અભ્યાસ કરે છે. તેને ભાવિત કરે છે, પુષ્ટ કરે છે.

આ પ્રમોદથી ચિત્ત અને શરીરમાં ઊંડે સુધી પ્રભૂત પ્રશાંતિ છવાવા લાગે છે, પ્રભૂત પ્રશ્રબ્ધિ છવાવ લાગે છે. સાધક આ પ્રકારે સંબોધિના પાંચમા અંગ 'પ્રશ્રબ્ધિ'નો અભ્યાસ કરે છે. તેને ભાવિત કરે છે, પુષ્ટ કરે છે.

ભીતર જેટલી–જેટલી પ્રશાંતિ વધે છે, પ્રશ્રબ્ધિ વધે છે, એટલી ચિત્તની એકાગ્રતા સહજ થવા લાગે છે. મન એ શાંતિમાં જ રત રહેવા ઈચ્છે છે. આથી સમાધિ સુદૃઢ થાય છે. આ પ્રકારે સાધક સંબોધિના આ છઠ્ઠા અંગ 'સમાધિ' નો અભ્યાસ કરે છે. એને ભાવિત કરે છે, પુષ્ટ કરે છે.

એ નિર્મળ શાંતિજન્ય સમાધિ પ્રત્યે પણ ક્યાંય આસક્તિ ન થઈ જાય, સાધક એ વાતનું ધ્યાન રાખે છે. તે ખૂબ સમજે છે કે આ સ્થિતિ ઇંદ્રિયાતીત નથી. તેથી ઉત્પાદ–વ્યય સ્વભાવની જ છે. અનિત્ય જ છે. આથી તેના પ્રત્યે પણ ઉપેક્ષાભાવ, સમતાભાવ જાળવી રાખે છે. આ રીતે સંબોધિના સાતમા અંગ 'ઉપેક્ષા'નો અભ્યાસ કરે છે. એને ભાવિત કરે છે, પુષ્ટ કરે છે.

સંબોધિનાં આ સાતેય અંગ જેટલાં–જેટલાં ભાવિત થાય છે, બહુલીકૃત થાય છે, સંવર્ધિત થાય છે, પુષ્ટ થાય છે. તેટલાં–તેટલાં એકબીજાને બળ દેતાં દેતાં સાધકને એ અવસ્થા તરફ લઈ જાય છે. જ્યાં ચિત્ત વિકારોથી નિતાંત વિમુક્ત થઈ જાય છે. અને પરમપદ નિર્વાણનો સાક્ષાત્કાર કરી લે છે. સાધક પૂર્ણ રીતે દુઃખ વિમુક્ત થઈ જાય છે.

સાધકો! આજના આ પાવન સંબોધિ – દિવસે આપણે પણ પ્રેરણા પ્રાપ્ત કરી અને ધીરે – ધીરે સાતેય સંબોધિ અંગોને ભાવિત કરતાં કરતાં, પુષ્ટ કરતાં કરતાં, દુઃખ વિમુક્તિ તરફ આગળ વધીએ અને પોતાનું મંગળ સાધીએ, પોતાનું કલ્યાણ સાધીએ. એમાં જ સંબોધિ દિવસની સાર્થકતા છે.

**- મંગલ મિત્ર**

સત્ય નારાયણ ગોયન્કા

# નવનિર્માણાધીન કેન્દ્ર
# ધમ્મઅંબિકા - ગતિવિધિ
# જૂના સાધકોનું સંમેલન ૧૨-૨-૧૨

બહુ જલદી ધમ્મ અંબિકા ખાતે સાધના શિબિરો થશે.

નવનિર્માણાધીન કેન્દ્ર વિષે ચિંતન-મનન માટે જૂના સાધકોનું સંમેલન તા. ૧૨-૨-૨૦૧૨ના રવિવારે આયોજિત છે.

સમય : સવારે ૯.૦૦ થી સાંજે ૫.૩૦ કલાકે

**સ્થળ :** ધમ્મ અંબિકા વિપશ્યના કેન્દ્ર, બોરીઆચ ટોલનાકાથી વગલવાડ રોડ પર ૨ કિ.મી., મુ. પો. વગલવાડ, તા. ગણદેવી, જી. નવસારી.

**જૂના સાધકોને ભાગ લેવા હાર્દિક અનુરોધ છે...**

રજિસ્ટ્રેશન માટે સંપર્ક :

(૧) સુરત : હિતેશભાઈ વૈદ્ય - ૦૨૬૧-૩૨૬૦૯૬૧
રૂપલબેન ચાવડા - ૦૨૬૧-૨૬૬૩૦૩૦
ગિરધરભાઈ વેકરિયા - ૯૪૨૯૨ ૬૨૭૫૯

(૨) નવસારી : વસંતભાઈ લાડ - ૦૨૬૩૭-૨૫૫૨૫૯
૯૪૨૮૧ ૬૦૭૧૪
કિન્નરીબેન દેસાઈ - ૦૨૬૩૭-૨૫૮૭૫૨

(૩) અનુમાલા : યશવંત ભગત - ૯૪૨૮૮ ૨૨૩૩૯

(૪) અંકલેશ્વર / ભરૂચ :
પૂર્ણિમાબેન શાહ - ૯૮૨૪૨ ૭૫૦૨૪

(૫) વલસાડ : અશોકભાઈ વીજ - ૯૪૨૯૪ ૭૪૦૫૬
બાબુભાઈ હિવરાલે - ૯૪૨૬૧ ૨૪૧૧૮

(૬) બિલિમોરા : રમેશભાઈ પટેલ - ૯૮૨૫૧ ૯૮૮૯૪
ભાણજીભાઈ પટેલ - ૯૮૨૫૧ ૪૧૩૨૫

ઈ-મેઈલ સંપર્ક : **hitu20007@yahoo.com**

# ગુજરાતના કેન્દ્રો પર જૂના સાધકો માટે શિબિરો

| સૌરાષ્ટ્ર વિપશ્યના કેન્દ્ર ''ધમ્મકોટ'' રાજકોટ | કચ્છ વિપશ્યના કેન્દ્ર ''ધમ્મસિંધુ'' બાડા. | ગુર્જર વિપશ્યના કેન્દ્ર ''ધમ્મપીઠ'' અમદાવાદ | ઉત્તર ગુજરાત વિપશ્યના કેન્દ્ર–''ધમ્મ દિવાકર'' મીઠા મહેસાણા. |
|---|---|---|---|
| **સતિપટ્ઠાન શિબિરો** | | | |
| 10-02-12 to 18-02-12<br>15-06-12 to 23-06-12<br>24-09-12 to 02-10-12 | 06-08-12 to 14-08-12<br>03-11-12 to 11-11-12<br>03-03-13 to 11-03-13 | 03-03-12 to 11-03-12 | 01-09-12 to 09-09-12 |
| **૧૦ દિવસીય ગંભીર વિશેષ શિબિરો** | | | |
| 27-06-12 to 08-07-12 | 10-09-12 to 21-09-12 | | 12-12-12 to 23-12-12 |
| **દીર્ઘ શિબિરો ૨૦-૩૦-૪૫ દિવસીય શિબિર** | | | |
| (૨૦ દિવસીય)<br>04-10-12 to 25-10-12<br>(૩૦ દિવસીય)<br>24-09-12 to 25-10-12<br>યુવતીઓ માટે<br>05-05-12 to 13-05-12<br>યુવકો માટે<br>21-04-12 to 29-04-12 | (૨૦ દિવસ)<br>17-03-12 to 07-04-12<br>05-08-12 to 26-08-12<br>13-03-13 to 03-04-13<br>(૩૦ દિવસ)<br>07-03-12 to 07-04-12<br>02-12-12 to 02-01-13<br>03-03-13 to 03-04-13<br>(૪૫ દિવસ)<br>02-12-12 to 17-01-13 | **મોગર કેન્દ્ર ''ધમ્મ ભવન''**<br>(0265) 2341181, (M) 94263 32180<br>E-mail : vvs04@ hotmail.com<br>(સતિપટ્ઠાન)<br>12-05-12 to 20-05-12<br>(૧૦ દિવસીય ગંભીર)<br>11-07-12 to 22-07-12 | (જૂના સાધકો માટે ૩ દિવસીય શિબિર)<br>19-04-12 to 22-04-12<br>15-08-12 to 18-08-12<br>22-11-12 to 25-11-12 |

## વિપશ્યના પરિચય કાર્યક્રમ-ધમ્મકોટ

તા. ૧૯ ફેબ્રુઆરી, રવિવારે વિપશ્યી સાધકોના પરિવારજનો/સ્નેહીજનો માટે ધમ્મકોટ કેન્દ્ર પર **વિપશ્યના પરિચય કાર્યક્રમ**નું આયોજન નીચે મુજબ કરેલ છે.

સમય : સવારે ૧૦-૦૦ થી બપોરે ૧-૦૦ કલાક દરમિયાન

* ૧-૦૦ વાગ્યે ભોજન અને સમાપન
* આઠ વ્યક્તિઓ સુધી સ્પેશ્યલ રિક્ષા આપના ઘર/વિસ્તારથી કેન્દ્ર અને પરત આવવા થઇ શકશે.
* વાહન વ્યવસ્થાની જરૂરતવાળા ભાઇ-બહેનો મો. ૯૯૦૯૨ ૯૭૭૪૨ પર ગઢવીભાઇનો સંપર્ક કરી શકે છે.
* સીટી ઓફિસ/ધમ્મકોટ કેન્દ્ર પર ફોન દ્વારા રજીસ્ટ્રેશન કરાવીને જ આવશો. જેથી ભોજનની તથા અન્ય સુવિધા થઇ શકે.

## જૂના સાધકો માટે
## સાધના વિષયક ધર્મચર્ચા/પ્રશ્નોત્તરી

તા. ૫ ફેબ્રુઆરી, રવિવારે ધમ્મકોટ કેન્દ્ર પર જૂના સાધકોને માર્ગદર્શન માટે વિપશ્યના વરિષ્ઠ સહાયક આચાર્ય શ્રી જયેશભાઇ સોની સાથે સાધના વિષયક પ્રશ્નોત્તરી તથા ધર્મચર્ચાનો કાર્યક્રમ આયોજીત કરેલ છે.

સમય : સવારે ૮-૩૦ થી ૯-૩૦ સમૂહ સાધના
સવારે ૧૦-૦૦ થી ૧૨-૦૦ પ્રશ્નોત્તરી-ધર્મચર્ચા
બપોરે ૧૨-૦૦ કલાકે ભોજન બાદ સમાપન

આપના પ્રશ્નો કાગળ પર લખીને સાથે લાવવા અનુરોધ છે.

| સૌરાષ્ટ્ર વિપશ્યના કેન્દ્ર ''ધમ્મકોટ'' | કચ્છ વિપશ્યના કેન્દ્ર ''ધમ્મસિંધુ'' બાડા. | ગુર્જર વિપશ્યના કેન્દ્ર ''ધમ્મપીઠ'' અમદાવાદ | ઉત્તર ગુજરાત વિપશ્યના કેન્દ્ર-''ધમ્મ દિવાકર'' મીઠા મહેસાણા. | મોગર કેન્દ્ર ''ધમ્મ ભવન'' |
|---|---|---|---|---|
| C/o. ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ-૧. (0281) 2220861-866 2782550, 94272 21591 94262 02222 dhammakot@gmail.com | C/o. શ્રી ઈશ્વરલાલ યુ. શાહ, પ્રો. કે. ટી. શાહ રોડ, માંડવી. કચ્છ-૩૭૦ ૪૬૫ (02834) 273303, 273612, | રનોડા તા. ધોળકા, જિ. અમદાવાદ - ૩૮૦ ૮૧૦ (02714) 294690, (M) 94264 19397 | C/o. ઉપેન્દ્રકુમાર પટેલ, ૭-અપના બજાર, વિમલ સુપર માર્કેટ, બી.કે. રોડ, મહેસાણા. (ઉ.ગુ.)-૩૮૪ ૦૦૨. (02762) 272800, 254634, 252345 (M) 94292 33000 | ૫-કાલિંદી પાર્ક, અકોટા અતિથિ ગૃહ પાછળ, વડોદરા-૩૯૦૦૨૦. (0265) 2341181 (M) 94263 32180 E-mail : vvs04@ hotmail.com |

### ૨૦૧૧/૧૨ માટે ૧૦ દિવસીય શિબિરની માહિતી

| ધમ્મકોટ | ધમ્મસિંધુ | ધમ્મપીઠ | ધમ્મ દિવાકર | ધમ્મ ભવન |
|---|---|---|---|---|
| 08-02 to 19-02-12 | 08-02-12 to 19-02-12 | 01-02-12 to 12-02-12 | 01-02-12 to 12-02-12 | 08-02-12 to 19-02-12 |
| 22-02 to 04-03-12 | 22-02-12 to 04-03-12 | 15-02-12 to 26-02-12 | 15-02-12 to 26-02-12 | 14-03-12 to 25-03-12 |
| 07-03 to 18-03-12 | 10-04-12 to 21-04-12 | 14-03-12 to 25-03-12 | 29-02-12 to 11-03-12 | 04-04-12 to 15-04-12 |
| 21-03 to 01-04-12 | 23-04-12 to 04-05-12 | 28-03-12 to 08-04-12 | 28-03-12 to 08-04-12 | 22-05-12 to 02-06-12 |
| 04-04 to 15-04-12 | 06-05-12 to 17-05-12 | 11-04-12 to 22-04-12 | 11-04-12 to 22-04-12 | 13-06-12 to 24-06-12 |
| ફક્ત ભાઈઓ માટે 18-04 to 29-04-12 | 19-05-12 to 30-05-12 | 24-04-12 to 05-05-12 | 25-04-12 to 06-05-12 | 05-09-12 to 16-09-12 |
| ફક્ત બહેનો માટે 02-05 to 13-05-12 | 01-06-12 to 12-06-12 | 23-05-12 to 03-06-12 | 23-05-12 to 03-06-12 | 03-10-12 to 14-10-12 |
| 16-05 to 27-05-12 | 14-06-12 to 25-06-12 | 06-06-12 to 17-06-12 | 06-06-12 to 17-06-12 | 28-10-12 to 08-11-12 |
| 30-05 to 10-06-12 | 27-06-12 to 08-07-12 | 22-06-12 to 03-07-12 | 22-06-12 to 03-07-12 | 12-12-12 to 23-12-12 |
| 13-06 to 24-06-12 | 10-07-12 to 21-07-12 | 06-07-12 to 17-07-12 | 06-07-12 to 17-07-12 | |
| 27-06 to 08-07-12 | 24-07-12 to 04-08-12 | 20-07-12 to 31-07-12 | 20-07-12 to 31-07-12 | |
| 09-07 to 20-07-12 | 28-08-12 to 08-09-12 | 01-08-12 to 12-08-12 | 15-08-12 to 26-08-12 | |
| 21-07 to 01-08-12 | 10-09-12 to 21-09-12 | 15-08-12 to 26-08-12 | 12-09-12 to 23-09-12 | |
| 08-08 to 19-08-12 | 24-09-12 to 05-10-12 | 29-08-12 to 09-09-12 | 26-09-12 to 07-10-12 | |
| 22-08 to 02-09-12 | 06-10-12 to 17-10-12 | 12-09-12 to 23-09-12 | 10-10-12 to 21-10-12 | |
| 05-09 to 16-09-12 | 19-10-12 to 30-10-12 | 26-09-12 to 07-10-12 | 24-10-12 to 04-11-12 | |
| 27-10 to 07-11-12 | 01-11-12 to 12-11-12 | 10-10-12 to 21-10-12 | 16-11-12 to 27-11-12 | |
| 09-11 to 20-11-12 | 14-11-12 to 25-11-12 | 24-10-12 to 04-11-12 | | |
| | | 11-11-12 to 22-11-12 | | |

### : ધર્મજ :

હેમંતભાઈ પટેલ
(૦૨૬૯૭)
૨૪૫૪૬૦, ૨૪૫૩૦૨
મો. ૯૪૨૬૫ ૦૦૭૬૫

01-02-12 to 12-02-12
08-05-12 to 19-05-12
05-07-12 to 16-07-12
06-09-12 to 17-09-12
18-11-12 to 29-11-12

### એક દિવસીય શિબિર જૂના સાધકો માટે

| ધમ્મકોટ | ધમ્મસિંધુ | ધમ્મપીઠ | ધમ્મ દિવાકર |
|---|---|---|---|
| દર મહિનાના પહેલા અને ચોથા રવિવારે રાજકોટ શહેરમાં માસૂમ સ્કૂલ ખાતે | દર મહિનાના પહેલા રવિવારે | દર મહિનાના છેલ્લા રવિવારે અમદાવાદમાં | દર મહિનાના ચોથા રવિવારે |

## દોહા ધરમના

શીલ હમારા શુદ્ધ હો, હો સમાધિ ભી શુદ્ધ ।
જબ પ્રજ્ઞા ભી શુદ્ધ હો, હોય તભી હમ શુદ્ધ ॥

શીલવાન કે ધ્યાન સે, પ્રજ્ઞા જાગ્રત હોય ।
અંતર કી ગાંઠેં ખુલેં, માનસ નિર્મલ હોય ॥

બિના શીલ ધારણ કિયે, શુદ્ધ સમાધિ ન હોય ।
બિન સમાધિ પ્રજ્ઞા નહીં, મુક્તિ કહાં સે હોય ॥

**એક્સેલ ક્રોપકેર લિમિટેડ**
૬/૨, રૂવાપરી રોડ, ભાવનગર - ૩૬૪ ૦૦૫.
ફોન : (૦૨૭૮) ૨૨૧૨૪૦૧-૨-૩ ની મંગલકામના

## દોહા ધરમના

પ્રજ્ઞા શીલ સમાધિ હી, શુદ્ધ ધરમ કા સાર ।
જો કોઈ ધારણ કરે, હોય દુખોં કે પાર ॥

ક્ષણ ક્ષણ મંગલ હી જગે, ક્ષણ ક્ષણ સુખ હી હોય ।
ક્ષણ ક્ષણ અપને કર્મ પર, સાવધાન યદિ હોય ॥

કાયા વાણી મૌન હૈ, હુઆ ચિત્ત ભી મૌન ।
ઉસ સાધક-સા જગત મેં, ભાગ્યવાન હૈ કૌન ॥

સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર (પત્રિકા વિભાગ) ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૧. વતી પ્રકાશક તથા મુદ્રક : **ચંદુભાઈ મહેતા**, મુદ્રણ સ્થાન : નાઈસ આર્ટ, ''મુક્તિરામ કોમ્પ્લેક્ષ'', રાષ્ટ્રીય શાળા મેઈન રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૧. દ્વારા રાજકોટ ખાતે પ્રકાશિત. **તંત્રી : ભરત કાપડીઆ.** વિપશ્યના (ગુજરાતી) પત્રિકાનું લવાજમ : ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૧. ના સરનામે, **સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર**ના નામે મ.ઓ./ડ્રાફ્ટ અથવા રોકડેથી મોકલી શકાશે. (બહારગામના ચેક લેવામાં આવશે નહીં.) રાજકોટ સિટી ઓફિસ : ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ - ૧.

**વિપશ્યના 9 જાન્યુઆરી 2012** આ પત્રિકામાંની સામગ્રી વિપશ્યના વિશોધન વિન્યાસ, ઈગતપુરીના સૌજન્યથી તથા વિપશ્યના હિન્દી/અંગ્રેજી પત્રિકાઓના અંકોમાંથી પ્રકાશિત કરાય છે.

ચાર વર્ષનું લવાજમ : રૂા. 100/-

'વિપશ્યના' Reg-No. GUJGUJ 08700/6/1/99-TC
Postal Reg. No. G-RJ-450
(Renewed upto 31.12.2011)
Wpp Licence No. G-PMG-RJT/015/2009

Weighs less than 10 gms
Posted without Payment of Postage.
Posting day-25th of every month,
Posted at Rajkot RMS - 360 001.
Write PIN CODE for Correct Delivery

If undelivered please return to :
**સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર (પત્રિકા વિભાગ)**
ભાભા હોટેલ, પંચનાથ રોડ,
રાજકોટ - 360 001.
સિટી ઓફિસ : ફોન - (0281) 2220861-866
મોબાઈલ : 94272 21591
e-mail : info@kota.dhamma.org
Web site : www.kota.dhamma.org